# નાયબ સેક્શન અધિકારીને સેક્શન અધિકારી તરીકે બઢતી

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| એમ.એસ. ક્લાસવા | સામાન્ય વહીવટ વિભાગ | કાયદા વિભાગ |
| જી.એમ. પટેલ | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| એસ.બી. ચૌધરી | સામાન્ય વહીવટ વિભાગ | આદિજાતિ વિકાસ વિભાગ |
| એન.જે. પટેલ | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| શ્રીમતી એમ.ડી. ચૌધરી | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| આર.પી. પટેલ | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| ડી.એ. પટેલ | નર્મદા જ.સં.પા.પુ. અને ક. વિભાગ | નર્મદા જ.સં.પા.પુ.ક. વિભાગ |
| જી.એસ. કટારા | ગૃહ વિભાગ | કાયદા વિભાગ |
| શ્રીમતી કે.એમ. જણસારી | કૃષિ ખેડૂત ક અને સ વિભાગ | કૃષિ ખેડૂત ક. અને સ. વિભાગ |
| જી.આર. સુથાર | શ્રમ અને રોજગાર વિભાગ | શ્રમ અને રોજગાર વિભાગ |
| આર.એ. પરમાર | માર્ગ મકાન વિભાગ | માર્ગ અને મકાન વિભાગ |
| એ.એ. નાગોરી | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| એમ.કે. ભરવાડ | સામાજીક ન્યા.અને અધિ. વિભાગ | સામાજીક ન્યા. અને અધિકારીતા વિભાગ |
| કે.વી. પટ્ટણી | વન અને પર્યાવરણ વિભાગ | વન અને પર્યાવરણ વિભાગ |
| એન.એસ. પટણી | પંચાયત ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિ. | પંચાયત ગ્રા.ગૃ.નિ. અને ગા.વિ. વિભાગ |
| પી.કે. જોષી | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| શ્રીમતી એન.બી. જાદવ | કૃષિ ખેડૂત ક. અને સં. વિભાગ | નાણાં વિભાગ |
| બી.એલ. શાહ | અન્ન ના.પુ. અને ગ્રા.બા. વિભાગ | પંચાયત ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગ |
| વી.એસ. પ્રજાપતિ | માર્ગ મકાન વિભાગ | માર્ગ મકાન વિભાગ |
| શ્રીમતી કે.વી. રાણા | ગૃહ વિભાગ | ગૃહ વિભાગ |
| પી.ડી. ગાંધર્વ | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| જે.એમ. પટેલ | કૃષિ ખેડૂત ક અને સ વિભાગ | કૃષિ ખેડૂત ક અને સ વિભાગ |
| એસ.આર. સોલંકી | મહેસૂલ વિભાગ | મહેસૂલ વિભાગ |
| આર.એન. પ્રજાપતિ | સામા. ન્યાય અને અધિકારીતા વિ. | સામા. ન્યાય અને અધિકારીતા વિભાગ |



## પોલિટેકનિક કોલેજમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

શહેરમાં હજુ પણ સ્વાઈન ફ્લુનો વાવર પ્રવર્તી રહ્યો છે. રોજબરોજના દૈનિક કાર્યોમાં નાગરિકોને સતત આ બાબતનો ભય સતાવી રહ્યો છે. એમાં પણ વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યની સંભાળ રાખવી ખૂબ જ આવશ્યક છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને અનુલક્ષીને તેમની રોગ પ્રતિકારક શકિત વધારવા સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે સતત ૪ દિવસ સુધી આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. ગાંધીનગરની સે-૨૨ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા આયુર્વેદિક ઉકાળાની સેવા પુરી પાડવામાં આવી હતી અને ઉકાળાના વિતરણ માટે સંસ્થાના એ.ડી. પટેલ તથા આશાબેન સરવૈયાએ જહેમત ઉઠાવી હતી. સંસ્થા તરફથી હોસ્પિટલ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

# બોરીજ ખાતે જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો શુભારંભ

ગાંધીનગર, તા. ૫

વર્ણન દ્વારા નહીં પણ જીવંત દ્રશ્ય-દર્શન દ્વારા શાળાઓના વર્ગખંડોમાં ડિજીટલ વીજાણું ઉપકરણોના માધ્યમથી વિદ્યાર્થીઓને શીખવતા રાજય સરકારના શિક્ષણ વિભાગના અભિનવ પ્રોજેકટ સમાન જ્ઞાનકુંજ પ્રોજેકટનો શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગરના બોરીજ ખાતે પ્રાથમિક શાળામાં શુભારંભ કર્યો હતો. દરેક ક્ષેત્રે વધતી જતી સ્પર્ધામાં ટકી રહેવામાં વિદ્યાર્થીઓને આ પ્રોજેકટથી નવું વિશિષ્ટ કૌશલ્ય મળી રહેશે એમ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રોજેકટને ખૂલ્લો મૂકયા બાદ જણાવ્યું હતું. આજે શિક્ષક દિન નિમિત્તે રાજયની ૧૬૦૯ પ્રાથમિક શાળાઓમાંથી પ્રથમ તબકકામાં ૫૦૮ શાળાઓમાં ધોરણ-૭, ૮ના વર્ગખંડોમાં વિવિધ મહાનુભાવો દ્વારા જ્ઞાનકુંજ પ્રોજેકટનો પ્રારંભ થઈ રહયો છે. આ પ્રયોગ સફળ થયે રાજયની અન્ય શાળાઓમાં પણ આ પ્રજેકટનો અમલ થશે. ઉલ્લેખનીય છે કે શાળાઓમાં ધો-૭, ૮માં લેપટોપ-કોમ્પ્યુટર જેવા વીજ ઉપકરણો દ્વારા શીખવવાનો પ્રારંભ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં એકમાત્ર રાજય છે, તેમ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું.



આ પ્રોજેકટ અંતર્ગત શિક્ષણ મંત્રીએ બોરીજ પ્રાથમિક શાળાના વર્ગખંડમાં જઈને જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની પ્રક્રિયાને રસપૂર્વક નિહાળી હતી.

આ પ્રસંગે શિક્ષણમંત્રીએ ગાંધીનગર જિલ્લાના પાંચ શ્રેષ્ઠ શિક્ષકોનું શિક્ષક દિન નિમિત્તે ચેક અપર્ણ તથા શાલ ઓઢાડી સન્માન પણ કર્યુ હતું.

# ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો

## રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીના હસ્તે રાજ્યના ૪૧ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સમાજ-રાષ્ટ્ર નિર્માણમાં





પાયારૂપ ભૂમિકા અદા કરતા શિક્ષકો-ગુરૂજનોને આહવાન કર્યુ છે કે, પોતાના વ્યવસાયને અર્થોપાર્જન તરીકે નહિ, ઉજ્જવળ ભવિષ્યના ઘડવૈયા તરીકે શિક્ષક સમૂદાય અપનાવે.

શિક્ષક દિન, પાંચમી સપ્ટેમ્બરે શ્રેષ્ઠ શિક્ષકોના રાજ્ય પુરસ્કાર સન્માન કાર્યક્રમમાં મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા હતા.

તેમણે ગુજરાતમાં શિક્ષકોના સામર્થ્ય પર વિશ્વાસ મૂકતાં કહ્યું કે, આ ગુરૂજનો-શિક્ષકોની પ્રતિબધ્ધતા-કર્તવ્ય ભાવનાથી જ રાજ્યની સરકારી શાળાઓને પણ ખાનગી સ્કૂલો સમકક્ષ ઉચ્ચ અને શ્રેષ્ઠ શિક્ષણ પુરૂં પાડતી સંસ્થા બનાવવી છે.

મનુષ્યમાં રહેલી મહાનતા અને શ્રેષ્ઠતા ઉજાગર કરવાનું સદ્કાર્ય શિક્ષક કરે છે. વેતનભોગી સરકારી કર્મચારીથી શિક્ષક અલગ છે. સરકારી કર્મચારી નિર્જીવ ફાઈલો સાથે કાર્ય કરે છે જ્યારે શિક્ષક સજીવ-જીવિત બાળકો સાથે કામ કરે છે, એટલે આ વ્યવસાય અન્ય કરતાં અલગ છે, શ્રેષ્ઠ છે; તેમ આજે શિક્ષક દિન નિમિત્તે ગાંધીનગર ખાતે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા ૪૧ શિક્ષકોનું રાજ્ય સન્માન કરતાં રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્માએ જણાવ્યું હતું કે, વિશ્વમાં ભારત દેશને ન્યુ ઈન્ડિયા, ડિજીટલ ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયાની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિભાવનાને સાર્થક કરી મહાન બનાવવાની જવાબદારી યુવાશક્તિ અને શિક્ષકોની જ છે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપણા સૌ પર મોટી જવાબદારી મૂકી છે, તેને પાર પાડીએ, તેમ તેમણે જણાવ્યું હતું. ચુડાસમાએ કવિ શ્રી ઊમાશંકર જોષીનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, તેઓ કહેતા કે શિક્ષક માટે વર્ગ એ સ્વર્ગ સમાન છે; ચુડાસમાએ ઉમેર્યું હતું કે, આપણે વર્ગને સ્વર્ગ કેમ ન બનાવી શકીએ ? કોઈ શિક્ષક જ્યારે વર્ગને સ્વર્ગ બનાવી વિદ્યાર્થીનું ઉત્તમ નાગરિક તરીકે ઘડતર કરશે ત્યારે શ્રેષ્ઠત્વ પામશે જ. આજે જે શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ મળેલ છે તે તમામ અને તેમના પરિવારને શિક્ષણ મંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

## સે. ૨૬ કિસાનનગર નવરાત્રી મહોત્સવ સમિતિના સભ્યોની વરણી કરાઈ

કિસાન નગર વસાહત મંડળ સેકટર-૨૬ ગાંધીનગરની સામાન્ય સભા ગજેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને નવરાત્રી ચોક ખાતે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સેકટરના પડતર પ્રશ્નોની તથા નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવાની ચર્ચા કરવામાં આવી હતી. વસાહત મંડળ અને નવરાત્રી મહોત્સવના હોદેદારો અને કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે પી.એમ.પટેલ, મહામંત્રી તરીકે એસ.એસ. પટેલ ઉપપ્રમુખ તરીકે આર.જે. ગોલ. અને વી.એન. ચૌધરી, ખજાનચી તરીકે આર.જી.બારડ, આંતરીક ઓડીટર તરીકે આઈ. સી. પંડયા, સલાહકાર તરીકે વી. એમ. ગજેરા અને ડી.એ.પટેલ સહિત કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

## હાઈકોર્ટનો આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૬૭ લાયસન્સ ધરાવતા હથિયારોના મામલામાં ૩૩ હથિયાર જમા કરવામાં આવ્યા છે. ડેરાના ૧૦ લાયસન્સ ધરાવતા હથિયારોમાં લાયસન્સ રદ કરવામાં આવી ચુક્યા છે. ડેરા સમર્થકોમાંથી કેટલાકની પાસે લાયસન્સ હથિયાર હોઈ શકે છે. આ અંગે માહિતી મેળવવાના પ્રયાસ થઇ રહ્યા છે. ડેરાની પાસે ૫૦૦થી પણ વધારે લાયસન્સ ધરાવતા હથિયારો હોવાની વિગત અગાઉ મળી હતી પરંતુ હજુ સુધી માત્ર ૬૭ હથિયારો જમા કેમ કરવામાં આવ્યા છે તેને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. સિરસાના ડીએમ પ્રભજ્યોતસિંહે કહ્યું છે કે, લાયસન્સી હથિયાર પહેલી સપ્ટેમ્બર સુધી જમા કરવા માટે કહેવામાં આવ્યું હતું. હથિયારો જમા કરવાના સંદર્ભમાં માહિતી આપવા કહેવાયું છે.



ગાંધીનગર જિલ્લાના દહેગામ બીઆરસી કેન્દ્ર ખાતે આજે રક્તદાન કેમ્પ યોજી અને શિક્ષક દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ૮૫ થી વધુ રક્તદાતાઓએ આ રક્તદાન કેમ્પમાં રક્તદાન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પ્રા. શિ. અધિકારી ડૉ. એન. રાઠોડ, માર્કેટયાર્ડના ચેરમેન સુમેરૂભાઈ અમીન, તા.પં.ના ઉપપ્રમુખ જયંતિભાઈ પટેલ, બ્લોક હેલ્થ ઓફિસર, મામલતદાર દહેગામ તા.પ્રા. શિ. અધિકારી ગાયત્રીબેન જોષી, બીઆરસી કોર્ડિ. મહેશભાઈ મકવાણા સહિતના આગેવાનો ને અધિકારીઓ હાજર રહ્યા હતા.

## શિક્ષક કલ્યાણ નિધિમાં મુખ્યમંત્રીએ ફાળો અર્પણ કર્યો



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજદાયિત્વનો ઋણ સ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો હતો.

શિક્ષક કલ્યાણ નિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને ગાંધીનગરની સરકારી શાળાના બાળકો પહોચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ તેમની સાથે સહજ સંવાદ સાથે ગુરૂજનો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યુ હતું. આ વેળાએ જિલ્લા કલેકટરશ્રી સતિષભાઈ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી વિરેન્દ્ર યાદવ અને અધિકારીઓ પણ જોડાયા હતા.

## શહેરના અંતિમધામ ખાતે મૃતક સ્વજનોની પ્રાર્થના સભા યોજાશે

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિ ત્રણ માસે અસ્થિ વિસર્જન સેવા કરવામાં આવે છે. આ સેવા અંતર્ગત શહેરના અંતિમધામ ખાતે આગામી તા.૯ સપ્ટેમ્બરના રોજ પુષ્પાંજિલ અર્પણ અને પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આપણા મૃતક સ્વજનોની પ્રાર્થનાસભામાં જોડાવા ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

ગાંધીનગરના અંતિમધામ ખાતે અગ્નિ સંસ્કાર કર્યા હોય તેવા સ્વજનોના અસ્થિ કે જે તા.૧૦-૬-૧૭ થી ૮-૯-૧૭ દરમિયાન અવસાન પામનાર સ્વજનોના અસ્થિ વિસર્જન હરિદ્વાર ખાતે આગામી તા.૧૧-૯-૧૭ના રોજ સવારે ૭ થી ૧૧ કલાક દમિયાન કરવામાં આવશે. તે નિમિતે તા.૯.૯.૧૭ના રોજ ગાંધીનગર અંતિમધામ ખાતે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને જુસીકાના સંયુકત ઉપક્રમે યોજનાર પ્રાર્થના સભામાં સૌ સ્વજનોને પ્રાર્થના તેમજ પુષ્પાંજલિ માં જોડાવા સંસ્થા દ્વારા અપિલ કરવામાં આવે છે. હરિદ્વાર ખાતે આગામી તા.૧૧-૯-૧૭ના રોજ વિસર્જન સેવામાં તા.૯-૯-૧૭ના રોજ ઉદયભાઈ ત્રિવેદી અને કરસનભાઈ પરમાર હરિદ્વાર ખાતે જશે.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

અહીં મારો કાકો બેંક ખોલીને બેઠો છે? મેં મારા પ્રોવિડંડ ફંડના રૂપિયાને હાથ નથી લગાવ્યો સમજીને? છોકરાંઓ તો પોતપોતાના કુટુંબ વસાવી મસ્ત થઈ ગયાં છે. માંદગી કંઈ કહીને આવતી નથી. કાલે મને કંઈ થઈ ગયું તો તારી પાસે રૂપિયા હશે તો તને કોઈ પુછશે. ઘડપણમાં પૈસો જ માણસને ઈજ્જત અપાવે છે.

તલકશીભાઈની પત્નીએ મુલાયમ સ્વરે કહ્યું. ‘કાકાનું બીજું છે કોણ? લગ્ન નથી કર્યા તેથી આખી જિંદગી કમાઈને કુટુંબને જ આપ્યું છે ને! જમીન પણ છે. એક બે વરસમાં પૈસા પાછા આપી દેશો. તમારું કેટલું માન રાખે છે.’

તલકશીભાઈ ગુસ્સે થઈ બોલ્યા. મારું એટલું જ માન રાખતા હોય તો એકાદ એકર જમીન વેચીને બે - ત્રણ લાખ રૂપિયા સાથે લઈને કેમ આવતા નથી. પહેલા લઈને આવે પછી મજેથી બાયપાસ સર્જરી કરાવે. મારા પ્રોવિડંડ ફંડ પર નજર નાંખે તે માટે હું બિલકુલ તૈયાર નથી. આખી જિંદગી તારી સંબંધીઓ પાછળ ખર્ચી નાંખી છે. કેટકેટલાની સારવાર કરાવી. તારા કાકાના બીજા પણ ભાઈ ભત્રીજી કોંક તો હશે ને?’

તલકસીભાઈના બંને દીકરાઓએ બીજાં શહેરમાં જઈ ઘર વસાવ્યાં હતા. તે સારી જગ્યા પર નોકરી કરતા હતા. છતાં કયારેક કયારેક તે પણ તલકશીભાઈ પાસે મદદ માંગતા. પોતાના દીકરા-વહુ તરફ તલકશીભાઈની પત્નીની લાગણી ઓછી હતી. તેને પોતાના પિયર પક્ષનું વધુ હતું. વહુઓની વાતમાં તો કંઈ ને કંઈ વાંધાવચકા કાઢતા તેથી દીકરા પણ તેનાથી દૂર થઈ ગયા હતા.

આખી રાત તલકસીભાઈની પત્ની મોં ફૂલાવીને પડી રહી. ઘરમાં ખાવાનું ન બન્યું. ટી.વી. પણ ઓન ન થયું. તલકશીભાઈ ટક્કર લેવાની સ્થિતિએ પહોંચી ગયા હતા.

સવારે ઊઠી તેમણે જાતે ચ્હા બનાવી. ચ્હાના બે કપ ટીપોય પર મુક્યા. પછી પત્નીને બૂમ પાડી. ‘તરું, લે ઉઠ, ચ્હા પી લે, છાપું આવી ગયું છે.’ મોં ધોઈ સરખાં કરતાં જોયું’તો પત્ની બાલ્કનીમાં ઊભી હતી.

તલકશીભાઈ છાપું વાંચવામાં તલ્લીન હતા. પત્નીનો સામનો કરતાં ગભરાતા હતા. એક ઊંડી નારાજગી ભરી કટૂતા અને ખામોશી બંને વચ્ચે છવાઈ હતી. તેમની પત્નીને ચ્હાનો ઘૂંટડો ભરતાં કહ્યું, ‘સારું, તમારી જીદ છે તો પછી હું મારા પિયરના ઘરેણાં વેચીને બે લાખ રૂપિયા તમને લાવી આપું છું. એ ઘરેણાં તો મારાં છે. અત્યારે સોનાના ભાવ પણ આસમાને છે.’

તલકસીભાઈનું હૃદય જાણે બેસી જશે એમ તેમને લાગ્યું. આત્મ સમર્પણની ઘડી આવી ગઈ હતી. હવે તો હા પાડવી જ પડશે નહીંતર... તેમણે પણ જમાનો બહુ જોયો છે.

### હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

છે... રેલ અકસ્માતોમાં નિર્દોષ લોકો મરી રહ્યા છે... બળાત્કારીને સજા થાય તો પ્રજા મરી રહી છે... સ્વાઈન ફ્લૂથી દર્દીઓ મરી રહ્યા છે... વિકાસ ગાંડો થયો છે.

GST થી વેપારીઓ ત્રાહિમામ કરી રહ્યા છેપરસોઈ માટેનો ગેસ મોંઘો થઈ રહ્યો છે... કામ કરતા પ્રચારમાં વધુ ખર્ચ થઈ રહ્યો છેપ રોજગારી આપવાનો દાવો પોકળ સાબીત થઈ રહ્યો છેપ કેશ-લેશ ની વાતો કરનારા ટ્રાજેક્સન ચાર્જ લઈ રહ્યા છેપ આધારનો વિરોધ કરનારા આધાર ફરજીયાત કરી રહ્યા છેપ વિકાસ ગાંડો થયો છેપ વિકાસ ફુલ સ્પીડ માં આવતો હતો પણ વચ્ચે GST આવી ગયુંપ એ આઘા રેજોપ વિકાસ હવે હડકાયો થયો છે...

ચૂંટલો : એ આઘા રેજો... વિકાસ હવે બુલેટ ટ્રેનમાં બેઠો છે... સૌનો સાથ સૌનો વિકાસ, વિકાસની રાજનીતિ વગેરે શબ્દો લોકોને યાદ રહી ગયા છે અને હવે વિકાસ ક્યાં તે શોધી રહ્યા છે. પણ જેમને વિકાસ (ડેવલપમેન્ટ) નથી દેખાતો ત્યારે લોકો વિપક્ષની જેમ આક્ષેપબાજી તો નથી કરતા પણ વાતચીતમાં અને સોશ્યલ મિડીયામાં હળવાશથી ટીખળો કરીને હૈયાવરાળ ઠાલવવા લાગ્યા છે. ‘વિકાસ ગાંડો થયો છે.’ એ કોમેન્ટ ફુલ ફોર્મમાં છે. ટૂંકમાં કહીએ તો ...આ વિકાસ હવે કિમ જોન્ગ થઈ ગયો છે!

### જ્ઞાનકુંજ પ્રોજેક્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આશિષ દવે અને શાળા પરિવાર આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ શાહપૂર શાળાના વર્ગખંડમાં જઈને વર્ચ્યુઅલ કલાસરૂમ લર્નિંગની ગતિવિધિઓનું સ્વયં નિરીક્ષણ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, આજના બદલાતા યુગમાં વિદ્યાર્થીઓની પુસ્તકિયા જ્ઞાન કરતાં જોઈને શિખવાની ઉત્કંઠા વધુ પ્રબળ બની છે. બાળકો અભ્યાસમાં ઈતિહાસ, ભૂગોળ જેવા ગહન વિષયોમાં રસ લેતા થાય તેમજ વિશ્વની ગતિવિધિઓ પણ જાણી શકે તે માટે લેપટોપ, ઈન્ટરનેટ, ટેબ્લેટથી તેમને સરકારે સજ્જ કર્યા છે.

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર સંદિપકુમાર સિંઘે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, ૨૧મી સદીએ ડિજીટલ યુગની સદી છે. ત્યારે ડિજીટલ ક્ષેત્રે ગુજરાતે નવતર પહેલ કરીને ‘જ્ઞાનકુંજ’ પ્રોજેકટના માધ્યમ દ્વારા દેશને નવો રાહ આપ્યો છે. તેમણે કહયું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ-૨૦૧૭-૧૮ના બજેટમાં જ આ પ્રોજેકટ માટે પૂરતા નાણાં ફાળવ્યા હતા. જેના થકી રાજયની ૧૬૦૯ શાળાઓમાં આ પ્રોજેકટ અમલી બનશે. આજથી ૧૨ જિલ્લાની ૫૦૮ શાળાઓમાં આ પ્રોજેકટ શરૂ થઈ રહ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત ધોરણ ૫ થી ૮ના તમામ વિષયોના અભ્યાસક્રમનું ઈ-કન્ટેન્ટ ઉપલબ્ધ છે. જેના થકી અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને શીખવાડાશે. સ્માર્ટ બોર્ડ, ટેબ્લેટ દ્વારા અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણ મળતાં રસપ્રદ બનશે. જેના ઘણાં સારા પરિણામો મળશે. અને શિક્ષણનું સ્તર ઉંચું આવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

### ચૂંટણીની જાહેરાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટણી પંચ રાજ્યની મુલાકાતે આવશે. ઓક્ટો.ના પ્રથમ સપ્તાહમાં દિપાવલીના પર્વો હોવાથી બીજા સપ્તાહમાં તે રાજ્યની મુલાકાતે આવશે અને તે પછી ચૂંટણીની જાહેરાત કરશે. એવુ પણ મનાઈ રહ્યું છે કે હિમાચલ પ્રદેશની ચૂંટણી ગુજરાત સાથે જ યોજાશે.

મળતા સંકેતો મુજબ ગુજરાતમાં બે તબક્કે મતદાન યોજવામાં આવશે જ્યારે હિમાચલપ્રદેશમાં ૬૦ બેઠકો હોવાથી એક જ તબક્કે મતદાન યોજાશે.

દિપાવલીના પર્વોમાં આચારસંહિતાના કડક અમલની અસર ગુજરાત પર પડે નહિ તેની પણ કાળજી ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવી હોવાથી ઓક્ટો.ની મધ્યમાં જ ચૂંટણીની જાહેરાત થશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ ચૂંટણી પંચે જિલ્લા કક્ષાએ ચૂંટણી માટેનું જરૂરી મહેકમ મંજૂર કરી અને રાજ્ય સરકારને સૂચવી દીધુ છે તે મુજબ હવે જિલ્લાઓમાં જરૂરી મહેકમ ઉભુ કરી દેવા માટે પણ પુરતો સમય તંત્રને મળી રહેશે.

ચૂંટણી પંચ દ્વારા ૨૫મી સપ્ટેમ્બરના રોજ મતદારયાદીની જે સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરાઈ હતી તેમાં નોંધાયેલા નવા મતદારોને પણ તેમના ફોટો ઓળખપત્ર ૧૦મી ઓક્ટો. સુધી પહોંચાડી દેવાય તે માટે કટિબદ્ધ બનેલ છે. પંચે આ વખતની ચૂંટણીમાં તાલિમ પર વિશેષ ભાર મુક્યો છે અને એક તબક્કામાં તાલિમ સંબંધિત અધિકારીઓને અપાઈ ચુકી છે. હવે જિલ્લાઓમાં આ તાલિમનું અભિયાન હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

### પ્રબળ માંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા પણ માર્ગોની સુધારણા માટે રકમની ફાળવણી કરવામાં આવી છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ત્યારે માર્ગ સુધારણાની કામગીરી પાછળ તોતિંગ ખર્ચનુ આયોજન કરવામાં આવનાર છે. ત્યારે માર્ગોની સુધારણા દરમિયાન સેકટરોમાં રસ્તાઓનુ યોગ્ય લેવલીંગ થાય તેમજ વરસાદી પાણીના ભરાવાની સમસ્યા પણ હલ થાય તે મુજબ માર્ગ સુધારણાની કામગીરી કરવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

### સરહદ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કબૂલાત કરી હતી કે, સંબંધોને વધુ સામાન્ય બનાવવા સરહદ ઉપર શાંતિ જરૂરી છે. ડોકલામ ઉપર કોઈ વાતચીત થઈ હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા જયશંકરે કહ્યું હતું કે, આ બેઠક ભવિષ્યને ધ્યાનમાં લઈને યોજવામાં આવી હતી. જયશંકરે ડોકલામ ઉપર વાત થઈ કે કેમ તેને લઈને સીધીરીતે પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. સરહદી વિસ્તારોમાં શાંતિની ખાતરી કરવા ચર્ચા થઈ હતી. વિદેશ સચિવે કહ્યું હતું કે, આ વાતચીત આશરે એક કલાક સુધી ચાલી હતી. આના પ્રથમ હિસ્સામાં બ્રિક્સ સાથે જોડાયેલા મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી.

### સીલ કરાયુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાડ્યા હતા. મીસા, તેમના પતિના નામથી નોંધવામાં આવેલા ત્રણ ફાર્મ હાઉસ અને મિશેલ પ્રિન્ટર્સ એન્ડ પેકર્સ પ્રાઈવેટ લિમિટેડના સંકુળમાં ઈડી દ્વારા તપાસ કરવામાં આવી હતી. મીસા અને તેના પતિ કથિતરીતે કંપનીના નિર્દેશક તરીકે હતા. આ સમન્સ અને તપાસ ૮૦૦૦ કરોડ રૂપિયાની મની લોન્ડરિંગ તપાસ સાથે સંબંધિત છે. આ તપાસ ઈડી દ્વારા દિલ્હી સ્થિત કારોબારી બંધુ સુરેન્દ્ર કુમાર જૈન અને વીરેન્દ્ર કુમાર જૈનની સામે કરવામાં આવી હતી. આ લોકોએ ૯૦ બોગસ કંપનીઓ મારફતે કરોડો રૂપિયાના કાળા નાણાં ભેગા કર્યા હતા. ઈડી દ્વારા પીએમએલએ હેઠળ એક મામલે પહેલાથી જ જૈન બંધુઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. લાલુ પરિવારના સભ્યો સામે નાણાકીય ગેરરીતીના મામલે તપાસ ચાલી રહી છે.